ગાંધીનગર સમાચાર

# મહિલા સામાજીક કાર્યક્રમની માનવીયતા થકી પ્રસુતાને સારવાર મળી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના મહિલા સામાજીક કાર્યકર પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા ધોળાકુવાની એક શ્રમજીવી મહિલાને અચાનક ઉપડેલ પ્રસુતિની પીડામાં તાત્કાલિક સારવાર અપાવવામાં મદદ કરી માનવીયતાના દર્શન કરાવ્યા હતા.

પ્રફુલ્લાબેન ભાવસાર છેલ્લા ઘણા દિવસથી ધોળાકુવાના ડ્રોપ આઉટ બાળકોને શિક્ષણ આપવાનું સેવા કાર્ય કરી રહ્યા છે. તેમના પ્રયત્નો થકી આ બાળકોમાં સ્વચ્છતા અંગે પણ જાગૃતિ લાવવામાં તેઓ સફળ રહ્યા છે. સ્વતંત્રતા દિને તે ધ્વજવંદન કાર્યક્રમ માટે સે-૨ની પ્રા. શાળામાં હતા ત્યારે ધોળાકુવાના જવાનભાઈનો ફોન આવ્યો કે તેમની વહુને પ્રસુતીની પીડા ઉપડી છે અને સિવિલ હોસ્પિટલ લાવ્યા છે પરંતુ તેને કોઈ સરખો જવાબ આપતા નથી. પ્રફુલ્લાબેન તુરંત જ સિવિલ હોસ્પિટલ ધસી ગયા અને પ્રસુતાને સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં સારવાર અપાવવા માટે પુરતી મદદ કરી. તેમની આ માનવીયતાને ગ્રામજનોએ આભાર પ્રગટ કરી બિરદાવી હતી.



હાલમાં હીંડોળા ઉત્સવ ચાલી રહ્યો છે ત્યારે શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામીનારાયણ મંદિર મણીનગર મુકામે શ્રી ઠાકોરજીને ઝુલાવવા માટે ડ્રાયફ્રુટનો હીંડોળા તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં બદામ, કાજુ, પીસ્તા, અંજીર, અખરોટ, એલચી સહિત ૧૨૭ કિલો અંદાજે ડ્રાયફ્રુટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ હિંડોળાના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

## સિદ્ધાર્થ લૉ કોલેજમાં સ્વાતંત્ર્ય દિવસની ઊજવણી

ગાંધીનગર, તા. ૧૭

સિદ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગરમાં ૬૯મા સ્વાતંત્ર્ય દિનની ઊજવણી ઉત્સાહભેર કરવામાં આવેલ હતી. દેશભક્તિના ગીતો, શૌર્ય ગીતો, મિમિક્રી વગેરે કાર્યક્રમો યોજાયા હતા. માનનીય જસ્ટીસ ભૈરવિયાએ આ દિવસનું મહત્ત્વ સમજાવી યુવાનોને આગળ આવવા જણાવ્યું હતું. આચાર્ય ડૉ. દિલીપભાઇ મેવાડાએ માર્ગદર્શન આપેલ હતું.

## હવે, આધાર કાર્ડ મતદાર યાદી જોડવાનું જરૂરી નથી

ગાંધીનગર, તા.૧૭

ભારતનાં સર્વોચ્ચ અદાલતનાં હુકમ અનુસાર નાગરિકોને આપવામાં આવેલ આધાર કાર્ડનો ઉપયોગ સરકાર તરફથી હાથ ધરવામાં આવેલ ફકત કેટલીક સામાજીક યોજનાઓ માટે કરવાનો છે. ભારતના ચૂંટણી પંચ તરફથી 'રાષ્ટ્રીય મતદાર યાદી શુધ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ' હેઠળ મતદારોને મળેલ આધાર કાર્ડના નંબરો મેળવીને તેને મતદાર યાદીનાં ડેટા બેઝ સાથે સાંકળવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ સર્વોચ્ચ અદાલતનાં ઉકત હુકમ અનુસાર મતદારો પાસેથી આધાર કાર્ડના નંબરો મેળવવાની તથા તેને આનુષંગિક અન્ય તમામ કામગીરી તાત્કાલિક અસરથી મોકુફ રાખવાનું ભારતના ચૂંટણી પંચે નક્કી કર્યું છે. જેની સૌએ નોંધ લેવી.



ગાંધીનગરના ગુડા વિસ્તારમાં પણ સ્વાતંત્ર્યતા પર્વની ભારે હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. નગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં વૈદેહી રેસિડેન્સી ખાતે ૧૫મી ઓગષ્ટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષ દવેએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું.

# વિશ્વકક્ષાએ સુવર્ણચંદ્રકો મેળવી પારૂલ પરમારે ગાંધીનગરનો ડંકો વગાડ્યો છે

**(નજાહખાનમ સૈયદ દ્વારા)**

ગાંધીનગર, તા. ૧૭

આગામી દિવસોમાં પારૂલ પરમારે ઈંગ્લેન્ડ ખાતે તા. ૮ થી તા.૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જશે. આ સ્પર્ધામાં પણ તેઓ ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા ગાંધીનગરનું નામ વૈશ્વિક ફલક ગાજતું કરશે.

ગાંધીનગરની દિકરી પારૂપ પરમારે વધુ એક વાર બેડમિન્ટન ક્ષેત્રે ઈન્ડોનેશિયામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નગરનું નામ રોશન કર્યું છે. પારૂલ પરમારે સોલો ખાતે રમાયેલ પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

પારૂલ પરમાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અત્યાર સુધીમાં ૧૭ સુવર્ણચંદ્રક અને ૬ રજત ચંદ્રક જીતી ચૂક્યા છે. માત્ર સાત વર્ષની ઉંમરે પોતાની પિતાની પ્રેરણાથી પારૂલે બેડમિન્ટન રમવાનું ચાલુ કર્યું હતું. સરકાર દ્વારા પારૂલ પરમારને રમતગમત ક્ષેત્રેના પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ એવોર્ડ, એકલવ્ય એવોર્ડ તથા સરદાર પટેલ વિશિષ્ટ એવોર્ડથી સન્માનવામાં આવી ચૂક્યા છે. ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં પારૂલ પરમારે જણાવ્યુંહતું કેભારતના પૂર્વરાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જી. અબ્દુલ કલામ મારા જીવનમાં રોલ મોડલ રહ્યા છે. આમ તો પિતાના સંપૂર્ણ સહકારના કારણે ખેલાડી તરીકેની કારકિર્દી ઘડવામાં સંઘર્ષ કરવો પડ્યો નથી. પરંતુ બેડમિન્ટનની રમત તે પણ વિકલાંગ ખેલાડી માટેની સ્પોરન્સશીપ મેળવવામાં અંગે હંમેશા તકલીફ પડી છે.

પારૂલ પરમારના મતે વિકલાંગ ખેલાડીઓ માટે સરકાર દ્વારા યોજવાઓ બનાવવામાં આવે





કારણ કે વિકલાંગ બાળકને ઘણું સંઘર્ષ કરવું પડતું હોય છે. તો વિકલાંગ બાળકોને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા પણ યોજનાઓ બનાવવામાં આવી જોઈએ. જેથી આ યોજનાઓનું લાભ લઈ દરેક વિકલાંગ ખેલાડી લાભ ઉઠાવી શકે તેવી પણ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

સરકારના ટપાલ વિભાગમાં સેવા આપતા પારૂલ પરમારે માત્ર સાત વર્ષની ઉંમરે ૧૯૮૫ની સાલમાં રાજય કક્ષાએ સૌ પ્રથમ મેડલ મળ્યો હતો. પારૂલ પરમારની ઈચ્છા એક સ્પોર્ટ્સ એકેડમી બનાવવાની છે. જેના દ્વારા દરેક વિકલાંગ ખેલાડીને પણ પોતાની પ્રતિભા નિખારવાની પૂરતી તક મળે તેમજ ખેલાડીઓ તેમના કૌશલ્યને વિકસાવી શકે આમ પણ પારૂલ પરમાર નેશનલ ઈન્સ્ટીટયુટ ઑફ સ્પોર્ટ્સમાં સૌ પ્રથમ મહિલા કોચ તરીકેની તાલીમ લઈ ચૂક્યા છે.

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
બ્રધર્સ
સવારે ૮.૦૦, ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦

**સ્ક્રીન-૨**
બ્રધર્સ
સવારે ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બ્રધર્સ
સવારે ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૩૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૪**
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
સવારે ૧૦.૧૫, ૪.૧૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૬.૫૫
દ્રશ્યમ
૧૦.૧૫

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બ્રધર્સ
૩.૦૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૨**
બ્રધર્સ
૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫
દ્રશ્યમ
૭.૦૦

**સ્ક્રીન-૩**
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)
૫.૧૫
મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી)
૭.૪૫
બ્રધર્સ
સવારે ૧૧.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૪**
દ્રશ્યમ
૧.૦૦
બજરંગી ભાઈજાન
૪.૪૫
ગૌર હરી દાસ્તાન
૭.૩૦
બાહુબલિ
૯.૪૫

**સ્ક્રીન-૫**
બ્રધર્સ
સવારે ૧૦.૦૦
દ્રશ્યમ
૪.૦૦, ૧૦.૦૦

# સ્વતંત્રતા પર્વમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકોની સંવેદનાનો સ્પર્શ કરાયો

ગાંધીનગર, તા. ૧૭

ભારત સરકારે ૨૦૦૩માં રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક ઘરે ફરકાવી શકાય એવી મંજૂરી આપતાં એ જ વર્ષથી સંજય થોરાતે સ્વતંત્રતા અને ગણતંત્ર એમ બંને દિવસે ધ્વજવંદન શરુ કર્યું.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને ગાંધીનગર સમાચારની લોકપ્રિય કૉલમો 'હેલ્લો ફ્રેન્ડ્સ!' અને 'મહેફિલ' ના લેખક સંજય થોરાત દર વર્ષે કોઈ નવી થીમ અને વિચાર સાથે સ્વતંત્રતા પર્વની ઊજવણી કરે છે.

આ વર્ષે થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને બોલાવી એમની સંવેદનાને સમજવાનો અને મદદ કરવાની તૈયારી સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. ગાંધીનગરના પ્રથમ મેયર



**મેરી જાન ત્રિરંગા હૈ... ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતના ઘરે પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન કરાયું**

મહેન્દ્રસિંહ રાણાએ ધ્વજવંદન કરાવી એમની શુભેચ્છા પાઠવી હતી. જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. અમીબેન શાહ અને ડૉ. નીતા શેખાતે થેલેસેમિયા જાગૃતિ અને એના ઉપાયો સૂચવ્યા હતા. ડૉ. સંજય શાહે આ બાળકો માટે રક્તદાન અતિઆવશ્યક છે, માટે એ માટે સંકલ્પ લેવડાવ્યો. રક્તદાન માટે વિશિષ્ટ કામગીરી કરતાં સુકેતુ મહેતાએ થેલેસેમિયાના બાળકોને ખાસ આ પ્રસંગે હાજર રાખી એમને પ્રોત્સાહિત કર્યા.

શહેર વસાહત મંડળ અને શીતલભાઈ શાહે સૌને મોઢું મીઠું કરાવ્યું. સોસાયટીના સભ્યો અને બાળકો વચ્ચેનો આ કાર્યક્રમ દેશભાવનાથી છલોછલ ભરેલો હતો. સમસ્ત બ્રહ્મસમાજનાં અશ્વિન ત્રિવેદીએ સર્વ પ્રકારની મદદની જાહેરાત કરી.

**(ફોટો - સંજય થોરાત)**

# સરકારી સ્કૂલના બાળકો સાથે સ્વતંત્રતા દિવસ



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સોશિયલ એક્ટિવીટી ગ્રુપ કોઈ પણ નામના મોહ વગર વિવિધ પ્રવૃત્તિઓ કરતું રહે છે. ૧૫મી ઑગસ્ટે એમણે સેકટર-૨૪ની સરકારી સ્કૂલના ૩૫૦ બાળકો સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ કર્યો.

દેશભક્તિ ગીત, ગરબા અને ડી.જે. ડાન્સ સાથે સૌને ઈનામ અને ચૉકલેટ-બિસ્કીટ્સ પણ અપાયાં. બાળકોના ચહેરા પરની ખુશી એ જ એમનો એવોર્ડ છે એવું ગાંધીનગર સોશિયલ એક્ટિવીટી ગ્રુપના સભ્યો માને છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઊજવણી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૬૯માં સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર શાનદાર ઊજવણી કરવામાં આવી હતી. શહીદોની કુરબાનીને યાદ કરવામાં આવી હતી. ટ્રસ્ટીગણ આચાર્યશ્રી શિક્ષણ ગણની સાથે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભારતના પરિવેશમાં સુસજ્જ થઈ દેશભક્તિના ગીતો વિદ્યાર્થીઓને રજૂ કર્યા હતા. આચાર્યશ્રીએ ઉદ્બોધન કર્યું હતું.

## આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં ભારત વિકાસ પરિષદના ઉપક્રમે ગુરુવંદના અને છાત્ર અભિનંદન કાર્યક્રમ યાજાયો

ગાંધીનગર, તા. ૧૭

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભારત વિકાલ પરિષદના ઉપક્રમે ગુરુવંદના અને છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો. ભારત વિકાસ પરિષદના મુકેશભાઈ રાવલ, મહિલા સંચાલકો શ્રીમતી મણીબેન દેસાઈ, શ્રીમતી હીનાબેન રાવલ, શ્રીમતી ચેતનાબેન પાઠક મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલે મહેમાનોનો પરિચય આપ્યો હતો.



માધ્યમિક વિભાગની ધો.૧૦ની કુ. હિરલ ચૌધરી, કુ. તર્જની સોની, ઓઝા ફીઝા તથા ધો.૧૧ની પ્રિયંકા પરમારે ગુરુ પ્રત્યેની ભાવ અર્પણ કરતા વકતવ્યો આપ્યા હતા. ધો.૧૦ની પ્રજ્ઞા ચક્ષુ વિદ્યાર્થીની, કુ. બંસરી રાઠોડ ગીત રજૂ કરેલ હતું. ભારત વિકાસ પરિષદ દ્વારા તેજસ્વી તારલાઓને પ્રમાણપત્રો, પેન આપી સન્માનિત કરાયા હતા.

આચાર્યા સુધાબેન પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. શ્રીમતી મણીબેન દેસાઈ, શ્રીમતી હીનાબેન રાવલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. નારણભાઈ બારોટે આભાર દર્શન કરેલ હતું.

## આ વર્ષે રોડ પર ત્રિરંગા વેચનારાનું પ્રમાણ નહિવત

ગાંધીનગર, તા.૧૭

દર વર્ષે સ્વતંત્રતા દિન અથવા પ્રજાસત્તાક દિન અગાઉ નગરના માર્ગો પર ત્રિરંગો વેચવાવાળા શ્રમજીવીઓ નજરે પડતા હતા. પરંતુ આ વર્ષે સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં આ શ્રમજીવીઓ નગરના માર્ગો પર ત્રિરંગો વહેંચતા ઓછા જોવા મળ્યા હતા. સ્વાતંત્રતા પર્વની ઉજવણી દરમિયાન ખરીદેલા રાષ્ટ્રધ્વજ રસ્તા પર ફેંકવા બાબતે સોશિયલ મિડિયા પર જન જાગૃતિના સંદેશા ફેલાતા ઘણા નગરજનોએ રાષ્ટ્રધ્વજ ખરીદવાનું જ ટાળ્યું હતું તો બીજી તરફ પ્લાસ્ટીકના રાષ્ટ્રધ્વજ વહેંચવા પર સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવાથી આ શ્રમજીવીઓ આ વ્યવસાયથી અળગા રહ્યા હતા.

## ગાંધીનગરમાં વકીલોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર કોર્ટમાં વકીલાત તરીકે પ્રેકટીશ કરતા વકીલોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વકીલ મિત્રો હાજર રહ્યા હતા.

ગાંધીનગર ન્યાયમંદિર ખાતે પ્રેકટીસ કરતા વકીલ મિત્રો અને સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલા અધિકારી/કર્મચારીઓ એકત્ર થયા હતા. એકબીજાના પરિચયમાં આવ્યા બાદ દેશ માટે એડવોકેટની ફરજો તેમજ કાનૂનને લગતી બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે હાજર અનુભવી એડવોકેટ એમ.આર. જોષી, જશુભાઈ દેસાઈ, એમ.જી. આસોડીયાએ કાનૂનને લગતા પોતાના વિચારો, માર્ગદર્શન રજુ કરી જયાં જરૂર જણાય ત્યાં એકબીજાને સહભાગી થવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ હસમુખ ઠાકરે કરી હતી.





સેકટર-૪બીમાં આવેલ સ્માર્ટ કિડ્ઝ સ્કૂલ ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઊજવણી ઉત્સાહભેર તથા ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાઓની વેશભૂષા એ ખૂબ જ આકર્ષણ જમાવ્યું હતું.

**(તસ્વીર : કશ્યપ નિમાવત)**

# લાક્ષણિકતા અને માનસિકતામાં અટવાયેલ તરૂણોની વાસ્તવિકતા

લાગ્યું એવું લખ્યું

જુના દિવસો જયારે યાદ કરું છું તો કયારેક થાય છે કે કેવું હશે એ માનવ માનસ. જો આપણે માનસિકતામાં બંધાયેલા પ્રાણી જ હોઈએ તો વાત ઠીક છે પરંતુ લાગણી નામના શબ્દ દ્વારા ઉભી કરેલી વૈચારિક લાક્ષણિકતાના કારણે મારા ખ્યાલથી આપણે નૈતિક રીતે આપણી જાતને માનવી માનીએ છીએ. બની શકે કે આ ઘણા સમયથી ચાલતું હોય પરંતુ વર્તમાનના માનવીના સામાજીક જીવન ઉપર આ લાક્ષણિકતાના અર્થની અણસમજે તેને કયાંક ને કયાંક તેના આત્મવિશ્વાસમાં અને સંબંધોના વિશ્વાસમાં શંકા કુશંકા કરવા મજબૂર કરી નાંખ્યો અને તેને લીધે સમાજનું અને સંબંધોનું સમતોલન ખોરવાયું. માનવી પોતાની ઈચ્છાઓ અને આકાંક્ષાનાં વંટોળમાં પોતાના માનસનો કયાસ કાઢી નાંખે છે અને જે રહી જાય છે તેને જીવન સમજીને જીવી લે છે. જીવનના સાચા અર્થ વિષે તો ઘણા દ્દષ્ટિકોણ મળશે કારણ કે ખરેખર તો સત્ય શું હોય શકે તે અંગે જ હંમેશા સવાલ રહ્યો છે. મતલબ કે સત્યની એક જ વ્યાખ્યા આપણે સાતત્ય નથી કરી શકયા. એક સંકલ્પના પ્રમાણે સત્યમ શિવ સુંદરમ એટલે કે સત્ય તે છે કે જે કલ્યાણકારી અને સુંદર છે. આજે માનવ માનસ અને જીવનના સાચા અર્થ અંગે એટલે કહી રહ્યો છું કારણ કે તેજ આપણા સમાજનું ઘડતર અથવા સમાજનું દર્શન બતાવે છે. આપણા વિવિધતાથી ભરેલા દેશમાં સમાજદર્શન વિભિન્ન પ્રકારે જોવા મળે છે. પરંતુ જ આ વિવિધતાઓને એક કરીએ અને એકસૂત્રતા સાધવાનું વિચારીએ તો એક અવ્યવસ્થિત, નિરંકુશ અને અશિસ્ત દ્દશ્ય ઉભું થાય છે. આ સમાજને ભારતીય સમાજ કહી શકાય. બની શકે કે મારો દ્દષ્ટિકોણ સમાજના ખૂબ નાના ભાગને પ્રસ્તુત કરતો હોય પરંતુ જે જોયું ને જાણ્યું તે જ વર્ણવ્યું એના જેવું છે. જો ભારતમાં રહેતા તમામને આપણે ભારતીય તરીકે સ્વીકારતા હોઈએ અને એમાં કોઈ ભેદને વૈચારિક દ્દષ્ટિએ ન જોતા હોય તો મારું વર્ણન તદનપણે તાર્કિક છે. આ સમાજ કયાં સુધી અશિસ્ત રહી શકશે અને શું આપણે આ જ સમાજ જોડે અપેક્ષાઓ રાખીએ છીએ કે તેઓ કાલે ભારતને નવી ઉંચાઈઓ પર લઈ જશે? અહીં જે સમાજની વાત કરી રહ્યો છું તે છે આ દેશનો યુવા નહિં પરંતુ તરૂણ સમાજ. અત્યારે એવો સમય આવી ગયો છે કે ખુદ મા-બાપ જ મૂંઝવણમાં છે કે તેમના બાળક જોડે વ્યવહાર કરવો તો પણ કઈ રીતે? કારણ કે દરેક મા-બાપને ધીરે ધીરે સમજાતું જાય છે કે તરૂણવસ્થામાં પોતાના દીકરા કે દીકરીને વધુ દબાવવાથી તેમનો વિકાસ થતો નથી અને ઉપરથી સંતાન કયારેક સંકુચિતતામાં પણ પીડાય છે. તેમને આઝાદી કેટલી આપવી અને કેટલી મળે છે તે પણ ચર્ચાનો વિષય છે કારણ કે તે અંગે સાપેક્ષ રીતે ઘણા ખ્યાલો છે જે વ્યકિત વ્યકિતએ અને પરિસ્થિતિઓને આધીન છે. આ તરૂણો જોડે કેવો વ્યવહાર કરવો, સંસ્કાર અને સંસ્કૃતિ કઈ રીતે અખત્યાર કરાવવા તેના ઉપર ઘણા પુસ્તકો, વિવેચનો અને વ્યાખ્યાનો જોવા મળે છે પરંતુ સમયની સાથે સાથે માનવીમાં રહેલી કૂપમંડૂકતા અને વિકૃતિમાં પણ એવો વધારો થયો છે કે પોતાને સંસ્કૃતિ અને સંસ્કારના સ્તંભ ગણાવતા દંભીઓને જ એ વારસા વિષેનું જ્ઞાન નથી. કહેવાય છે કે સમય એટલી જલ્દી આગળ વધી રહ્યો છે કે એની ગતિનું માપ મેળવવું મુશ્કેલ બન્યું છે પણ ખરેખર તો માનવીની સંકૂચિતતામાં એવો વધારો થઈ રહ્યો છે કે પોતાને પ્રાચીન, સાંસ્કૃતિક અને નૈતિક ગણાવતો વર્ગ તથા પોતાને એકવીસમી સદીના, ફોરવર્ડ અને ઓપન કહેતો વર્ગ બંનેની માનસિકતામાં ફરક છે પરંતુ વાસ્તવિકતામાં કાંઈ જ ફરક નથી. કેટલાક ભગવા પહેરીને લોકોને લૂંટે છે તો કેટલાક મોંઘાદાટ કપડાં પહેરીને લૂંટે છે. તેમના રસ્તા જરૂર અલગ છે પરંતુ તેમની મંઝિલ તો એક જ છે. આ રૂપક ફકત લૂંટવા સુધી જ સિમિત નથી પરંતુ તેમની વાણી, વર્તન અને સભ્યતામાં પણ જોવા મળે છે. એક સમાન પરિસ્થિતિ અને અલગ વિચારધારા પર ચાલી રહેલો આ સમસ્ત સમાજ (તરૂણ, આધેડ અને યુવા સહિત) કયારે લંગડાઈ જશે તેનો ચોકકસ સમય તો માલુમ નથી. તે લંગડાશે અને કદાચ પડશે તે સત્ય છે. દેશમાં ગુનાનું પ્રમાણ ઓછું થયું છે પણ તેની તીવ્રતા બદલાઈ છે. પહેલા બાળકીને દૂધ પીતી કરતા હતા તો આજે સોનોગ્રાફીની આડમાં તેનો ગર્ભપાત કરવા માંડયા છે. પહેલા શારીરીક અને સામાજિક શોષણ થતું હતું તો આજે વૈચારિક અને બૌદ્ધિક શોષણ થઈ રહ્યું છે. પહેલા અંધશ્રધ્ધામાં લોકો ગાંડા થતા હતા તો આજે જાહેરાતો અને ઝાકમઝોળનાં ગાંડા થઈ રહ્યા છે. આપણે સૌ આગળ તો વધી રહ્યા છીએ પરંતુ સમાજને કયાં લઈ જવો છે અને પોતે પણ કઈ સ્થિતિને પામવું છે તે અંગે જે પહેલા અસમંજસ હતી તે આજે પણ છે. આ અસમંજસ વિષે ચર્ચા પહેલા ગામના પાદરે કે શરીને પોળે થતી હતી આજે તે ચર્ચા ડાઈનીંગ ટેબલ કે ચાની કીટલીએ થવા લાગી છે. એક સમય હતો જયારે લોકો પોતાની લાગણીઓ ક્રમ અને મર્મ દ્વારા બતાવતા તો આજે તે ભેટ સોગાદો અને ફેસબુક દ્વારા સમજાવી રહ્યા છે. બૌદ્ધિક લાક્ષણિકતા પહેલા હાર્દિક અને સત્યવાન હતી તો આજે તે તાર્કિક અને કાલ્પનિક થઈ ગઈ છે. સમાજમાં થતા આ ફેરફારો બધી જ દ્દષ્ટિએ ખોટા છે તેવું પણ નથી પરંતુ આ અસમતા વચ્ચેના સંબંધ અને ઋણાનુબંધની કડીના અભાવે આપણને સારા નરસા વચ્ચેના ભેદ પારખવાની ક્ષમતા અને માપદંડ માટે કોઈ ચોકકસ માર્ગ જડી નથી રહ્યો. જો હજુ પણ આપણે તે કડીનું નિર્માણ કરવા માટે પ્રયાસ નહીં કરીએ તો આગળ જતાં તે કડીની સંભાવનાનો પણ નાશ થઈ જશે. કહેવાય છે કે ભવિષ્ય એ ખરેખર તો ભૂતકાળનું પુનરાવર્તન છે. એક સમય હતો કે આપણે શાસકોના ગુલામ હતા, ત્યારબાદ અંગ્રેજોના ગુલામ બન્યા અને આજે પોતાની જ માનસિકતાના ગુલામ બની ગયા છીએ. આ ગુલામીમાંથી આઝાદી અપાવવા કોઈ ગાંધી, બોઝ કે આઝાદ આવવાના નથી પરંતુ લાગણીઓના ટેકે જ પોતે પોતાની ઉપર વિજયી થઈ શકીશું તેવું અભિભૂત થાય છે.

અંતે ઉમાશંકર જોષીની કવિતામાં થોડા અંશો જોડીને કહીશ કે,

માનવી તું માનવી થયા તો ઘણું, મહાન તો વૃક્ષ અને હિમાલય પણ છે,

વિજય આજે તે પ્રકૃતિ અને વિકૃતિ પર મેળવ્યો, હવે મનથી પણ વિજયી થાય તો ઘણું.

**- સંતોષ બ્રહ્મભટ્ટ**